સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

મંડ્યા ચૂસવા વસૂકેલી ગાયને, 'માં' કોણ માને છે?
લાલુ જેવા વચ્છ, ચૂસે લોહી, માં કોણ માને છે?
કોણ મોન છે 'રાષ્ટ્રીય સંપત્તિ' પ્રત્યેની ફરજ -
વાસના ભૂખ્યા ગોધા 'ભારત'ને માં કોણ માને છે ?

હાઈકુ

સમજો હવે
જેલ ને જ ગૌશાળા -
જિંદગીભર!
(લાલુ પ્રસાદ!)

સજા પે સજા,
ખંધા ખેલાડી ખૂંટ -.
બંધાયા ખંધે !
(સરકાર મેં સાવ અંધેર નહીં હૈ)

ચિંતન

ગ્યાન મોચ્છપ્રદ બેદ બખાના ।

ઉપરોક્ત સાખી તુલસીકૃત રામચરિત માનસમાંથી લેવાયેલી છે.

જ્ઞાન મુક્તિનું દ્વાર છે. જ્ઞાનથી કંઈ શ્રેષ્ઠ નથી, શિવજી કાશીમાં મુક્તિક્ષેત્ર ચલાવે છે. કોઈ પણ આવે પાપી, પુણ્યશાળી, ધાર્મિક કે અધાર્મિક બધાને બાબાના હાથે મુક્તિનો પ્રસાદ મળે છે. શિવમુક્તિના વિરોધી નથી. પણ એમણે સમજીને કહ્યું કે તમારું જ્ઞાન ઉધાર હશે તો એ બંધન છે.

ઉધાર છે એ જ્ઞાન બંધન છે. યાદ કરવું પડે; કિતાબો પઢવી પડે. એમ કરતા તમે થાકી જશો. જો જ્ઞાન ઉધાર હશે અને જ્ઞાનમાં અહંકાર હશે તો એ પણ બંધન છે.

માની લો કે તમે સ્વયં કોઈ શાસ્ત્રની ટીકા લખી નાખી તો તમે પરમવંદનીય છો, આ જ્ઞાનનો અહંકાર હોય તો બોજ બનશે.

સુવિચાર

- જૂઠ બોલવું એ તલવારના ઘા જેવું છે, ઘા તો રુઝાઈ જાય છે
  પરંતુ તેની નિશાની કાયમ માટે રહી જાય છે - **શેખ શાદી**
- પહેલા અઘરો છું, પછી આસાન છું, પહાડની ઊંચાઈ પર મેદાન છું,
  મુખ્ય અંકાશે નહીં કંઈ મારું આમ, સળગું તો પરખાય કે લોબાન છું - **પંકજ વખારિયા**
- મનુષ્યના સ્વભાવમાં જયારે વિદ્યાનો સંસ્કાર સમાઈ જાય છે,
  ત્યારે તે વિનમ્ર થઈ જાય છે - **રામધારીસિંહ દિનકર**
- જે તલ્લીન બનાવે તે સાચી કેળવણી - **સંત ફ્રાંસીસ**
- યુનિવર્સિટીના ત્રણ પ્રધાન કર્તવ્યો છે :
  બુદ્ધિ, હૃદય અને સમુહભાવનો વિકાસ કરવો - **કનૈયાલાલ મુનશી**
- પરિશ્રમ શરીરને નિરોગી અને મનને નિર્મળ રાખે છે - **સરદાર પટેલ**
- શિક્ષણ એટલે શિષ્ટાચાર માટેની તાલીમ અને કુદરત પ્રત્યેનો પ્રેમ - **કૌટિલ્ય**
- આજનું ઔષધ : ફૂદીનાનો રસ પીવાથી કોલેરમાં રાહત થાય છે ***(સંકલન : દિપક વી. આશરા)***

બોધકથા

હાજી મહોમ્મદ બાર વખત હજ યાત્રા કરી આવ્યા હતા. હાજી મોહમ્મદ ચુસ્ત નમાજી હતા. રોજ પાંચ વાર નમાજ પડતા. એકવાર એમને સ્વપ્નમાં ફરિશ્યા જોયો. જે સૌને અલ્લાહ તરફ જવાનો રસ્તો બતાવ્યો હતો. આગળ જતા એ રસ્તા બે બાજુ ફંટાઈ જતો હતો એક ફાંટો જન્નત તરફ અને બીજો જહન્નમ તરફ જતો હતો. બંને ફાંટાની પહેલા ફરિશ્તો ઊભો રહીને સૌને શુભ-અશુભ કર્મોનો હિસાબ પૂછતો હતો. અને તેમના કાર્યો અને કર્મો મુજબ તેમને જન્નત કે જહન્નમમાં મોકલતો હતો.

જયારે હાજી મોહમ્મદ ફરિશ્તા સામે આવીને ઊભા રહ્યા ત્યારે ફરિશ્યાએ પૂછ્યું, 'તમે કયા કયા શુભ કાર્યો કર્યા છે?' હાજી સાહેબે ગર્વથી કહ્યું, 'હું બાર વખત હજ કરીને આવ્યો છું.' ફરિશ્તાએ કહ્યું, 'તમને બાર વખત હજ કર્યાનું અભિમાન છે જેને કારણે તમારું બધું પુણ્ય નષ્ટ થઈ ગયું છે. બીજું કોઈ સારું કાર્ય હોય તો જણાવો.'

હાજી મોહમ્મદે કહ્યું, 'હું પચાસ વર્ષથી રોજ પાંચ વાર નમાજ પઢું છું અને એક પણ દિવસ મેં આ નિયમ તોડ્યો નથી.' ફરિશ્તાએ કહ્યું, 'તમારું એ પુણ્ય પણ નષ્ટ થઈ ગયું છે, કારણ કે એક દિવસ જામા મસ્જિદના મૌલવી તમને મળવા આવ્યા હતા તે દિવસે તમે તેમને દેખાડવા માટે રોજ કરતાં લાંબા સમય સુધી નમાજ પઢી હતી. તમે એ દિવસે જ દંભ આચર્યો એટલે તમારું એ પુણ્ય પણ નષ્ટ થઈ ગયું છે.'

હાજીની ઊંઘ ઊડી ગઈ. સ્વપ્નમાંથી બહાર આવ્યા અને રોવા લાગ્યા. અલ્લાહે તેમને સપનામાં સાચો માર્ગ અને તેમની ભૂલ બતાવી હતી. તે દિવસથી તેમણે ઘમંડ અને દંભથી દૂર રહેવાનો નિર્ણય કર્યો.

સત્ય અને અહિંસા જ માનવજાતને સર્વનાશથી ઉગારી શકશે

તંત્રીસ્થાનેથી...

'ત્રીસમી તારીખ, જાન્યુઆરી, ઓગણીસસો અડતાલીસ'

શુક્રવારની સંધ્યા ટાણે...'

સત્ય અને અહિંસા જ માનવજાતને સર્વનાશથી ઉગારી આ ગોઝારી ઘટનાને આપણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નિર્વાણ દિવસ તરીકે યાદ કરી છીએ. જાયું તે જવાનું છે, એમાં મીનમેખ નહીં - પરંતુ જયારે કોઈ અજાતશત્રુ મહાપુરુષની હળુ હળું જિંદગીને હત્યારાની ગોળીઓ ઠાર કરી દે ત્યારે જ કરુણાંતિકા સરજાય છે એનો માનવજાતને ઘણા લાંબા સમય સુધી અફસોસ રહે તે સ્વાભાવિક છે. ગાંધી નિર્વાણ દિનને વિશ્વ શહીદ દિવસ તરીકે ઊજવે છે. આપણે અગિયાર વાગ્યે બે મિનિટનું મૌન પાળી દિવંગત રાષ્ટ્રપિતાનું પાવન સ્મરણ કરી લઈએ છીએ. પરંતુ જે આદર્શો ખાતર આવડી મોટી વિશ્વ વિભૂતિએ પોતાના જીવનનું બલિદાન ધરી દીધું એ આદર્શો મુજબ જીવવાનો આપણો પ્રયાસ કર્યો છે ખરો? જરા ઈમાનદારીપૂર્વક આપણે અંતઃકરણને ઢંઢોળીશું તો એનો સ્પષ્ટ જવાબ મળશે : કદાચ નહીં! આપણે મહાત્મા ગાંધીને મહાત્મા પદે આરૂઢ કરી દીધા, રાષ્ટ્રપતિ અને બાપુ કહી નવાજ્યા, પરંતુ એમના આદર્શો પ્રત્યે તો ઘોર અપેક્ષા જ સેવી છે, તેનો ઈન્કાર થઈ શકે એમ નથી. બાપુને ઘણું લાંબુ જીવવું હતું. એકસો વીસ વરસનું લક્ષ્યાંક મૂકીને ચાલતાં હતા. પરંતુ દેશની આઝાદી સાથે જ જે પ્રકારની ખૂનામરકી ચાલી, અંગ્રેજ રાજની ડિવાઈડ ઍન્ડ રુલ નીતિએ ભારતના બે ટુકડા કરાવ્યા અને હિંદુ તથા મુસલમાનો વચ્ચે ધર્મના નામે જે ઊંડી ખાઈ સરજાઈ તે પછી આ સંવેદનશીલ પુણ્યાત્માને લાંબુ જીવવાનો લેશ પણ મોહ નહોતો રહ્યો. એમને હિંદુ હોવા છતાં હિંદુઓના દુશ્મન ગણવાનું શરૂ થયું હતું અને એમનો જીવ લેવાનો પ્રયાસો પણ થવા લાગ્યા હતા. વારંવાર આવા હુમલાઓમાં બચી ગયેલા મહાત્મા ગાંધીએ જીવનું જોખમ હોવા છતાં સુરક્ષા સ્વીકારવાનો ઈન્કાર કર્યો અને કમનસીબે જે સરકારે દેશના ભાગલા નહીં થવા દેવાની જીદ નહોતી માની એ જ સરકારે એમને સુરક્ષા નહીં આપવાની જીદને માની લીધી! એ દૃષ્ટિએ ગાંધી હત્યાનો દોષ એકલાં 'કટ્ટરવાદી' તત્ત્વો પર જ ઠોકી બેસાડવામાં આવે છે તે બરાબર નથી. એ માટે આડકતરી રીતે તત્કાલીન વડાપ્રધાન અને ગૃહપ્રધાન અનુક્રમે પંડિત જવાહરલાલ નહેરુ અને સરદાર વલ્લભભાઈ પટેલની પણ જવાબદારી ગણાવી જોઈતી હતી. ખેર, એ તો એમ જ માનતા હતા કે ઈશ્વરને જયાં સુધી મારી હયાતી જરૂરી લાગશે ત્યાં સુધી એ જ મારી રક્ષા કરશે. હત્યાની પૂર્વ સંધ્યાએ એમને મૃત્યુનો આભાસ પણ થયો હોવાની વાત જાણીતી છે. એમણે પોતાની સેવામાં રોકાયેલ મનુ ગાંધીને કહ્યું હતું કે જો હું ગડગૂમડ કે એવી કોઈ રિબામણીવાળી બિમારીથી મરું તો ખચીત માનજે કે હું મહાત્મા પદને લાયક નહોતો. પમ જો સામી છાતીએ ગોળી ઝીલીને મરું અને છતાં મારનાર પ્રત્યે દ્વેષ ન અનુભવું અને મરતાં મરતાં પણ મારા મોઢામાંથી રામનું નામ સરી પડે તો માનજે કે હું એ પદ માટે લાયક હતો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી વીસમી સદીના મહાનાયક તરીકે બલકે સહસ્ત્રાબ્દીના મહાનાયક તરીકે દુનિયાને આવનારી સદીઓ સુધી યાદ રહેશે. એમણે દર્શાવેલા આદર્શો અલબત્ત, ખુદ ભારત મહદંશે ભૂલી ચૂક્યું છે, પરંતુ વિશ્વને તો હજી પણ શાંતિમય સહઅસ્તિત્વ માટે ગાંધીમાર્ગ જ એક માત્ર આશાદીપ સમો વરતાઈ રહ્યો છે, તેની નોંધ લઈ બાપુની પાવન સ્મૃતિને સો સો સલામ!

વિદ્યાર્થીમાં સદ્‌ગુણોનું સિંચન કરવાનું અસાધારણ કાર્ય શિક્ષક કરે છે

'ચોર.... ચોર.... ચોર.....'

'પકડો..... પકડો.... ચોર..... ચોર...'

'સર.... આ જ ચોર છે.'

'હં..... આ જ છે.'

'કેટલાય દિવસથી અમે વોચ રાખી હતી. છેક આજે પકડાયો.'

'રોજે રોજ ચોરી કરે છે.'

'સર.... એને બરાબર શિક્ષા કરો.'

કેટલાક વિદ્યાર્થીઓએ એક બાળકને ચોરી કરતાં રંગે હાથ પકડ્યો હતો. આચાર્ય સમક્ષ હાજર કર્યો હતો. શાળામાં કેટલાય દિવસોથી ચોરીઓ થતી હતી. ખબર નહોતી પડતી કે ચોર કોણ છે ? છે તો આપણામાંથી જ પણ એ છે કોણ ? આજે તે રંગે હાથ પકડાઈ ગયો હતો.

આચાર્યએ એ ચોર વિદ્યાર્થીને કશું જ કહયું નહિ. બધા જતાં રહ્યા. થોડાક દિવસો પછી ફરી ચોરી થઈ. વિદ્યાર્થીઓની વસ્તુઓ ગઈ. પૈસા ગયા. વિદ્યાર્થીઓ ભેગા થઈ પુનઃ પેલા વિદ્યાર્થીને રંગેહાથ પકડવામાં સફળ રહ્યાં. ખૂબ જ જુસ્સા અને મોટો જંગ જીત્યો હોય તેવા ઉત્સાહ સાથે તે ચોરને આચાર્યની ઓફિસમાં લઈ ગયા.

સૌના આશ્ચર્ય વચ્ચે આ વખતે પણ આચાર્ય કશું બોલ્યા નહિ. તે વિદ્યાર્થીને જવા દીધો.

'હવે આપણે શું કરીશું ?' એક વિદ્યાર્થીએ અન્યને પૂછયું.

'એમ તો કંઈ ચાલે ? આપણે ચોર પકડી લાવીએ ને સર તેને કંઈ પણ કહયા વગર છોડી મૂકે ?' એક વિદ્યાર્થીએ બળાપો કાઢયો.

'હા... હા... બરાબર છે. હવે તો આ પાર કે પેલે પાર' એકે ઘોષણા કરી.

'હા... હા..... કાં એ વિદ્યાર્થી નહિ કાં આપણે નહિ. સાહેબે બેમાંથી એકની પસંદગી કરવી પડશે.' વિદ્યાર્થી નેતાએ જાહેરાત કરી.

આચાર્યએ બધાની વાત ધીરજપૂર્વક સાંભળી અને શાંતિથી બોલ્યાં, 'ભલે, મને તમારા બધાના જવાથી દુઃખ ચોક્કસ થશે પરંતુ હું તે વિદ્યાર્થીને કાઢી મૂકી શકીશ નહિ.'

વિદ્યાર્થીઓ ગુસ્સે ભરાયા. 'તમે તેના બદલામાં અમને ગુમાવવા તૈયાર થઈ ગયા ?'

આચાર્યએ વિદ્યાર્થીઓનો ગુસ્સો શાંત પાડતા કહયું, 'હું તમને દરેકને ખૂબ પ્રેમ કરું છું તેમ છતાં ગુમાવવા તૈયાર થયો છું કારણકે તમને ભણાવવા કોઈપણ શિક્ષક તૈયાર થશે અને ગર્વ અનુભવશે. પરંતુ આ બાળકનું શું ? અન્ય કોઈ શિક્ષક કે શાળા આ બાળકની ખરાબ આદતોને કારણે તેને ભણાવવા તૈયાર થશે નહિ. તેથી તેને ભણાવવો એ મારી જવાબદારી છે. હું તેને જવા માટે કહી શકું નહી.'

એક આદર્શ આચાર્યને શોભે તેવું તેમનું વર્તન હતું. ખરેખર શિક્ષકની જવાબદારી શું ? શિક્ષકની શૈક્ષણિક કે વહીવટી જવાબદારી જે હોય તે, પરંતુ તેની નૈતિક જવાબદારી એ છે કે તેણે વિદ્યાર્થીને એક નિષ્ઠાવાન નાગરિક બનાવવા મથવાનું છે. શિક્ષકે જે કરવું પડે તે, તળિયાથી નળિયા સુધી ભલે જવું પડે. જયારે વિદ્યાર્થીમાં પ્રમાણિકતા અને આત્મવિશ્વાસ જેવા ગુણો ઊગાડી શકાય ત્યારે શિક્ષકનું શિક્ષકત્વ સોળે કળાએ ખીલી ઉઠતું હોય છે. શિક્ષકે વિદ્યાર્થીમાં સદ્‌ગુણોનું સિંચન કરવાનું અસાધારણ કાર્ય શિક્ષક કરતો હોય છે.

અદબ-પલાંઠી
મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

વર્તમાન સમયમાં શિક્ષક, શિક્ષણ સિવાયની તમામ અસાધારણ કામગીરીમાં જોતરાયેલો રહે છે. તેમાં સાચા શિક્ષકનો આત્મા ગુંગળાય છે. કેટલાક પ્રયોગશીલ શિક્ષકો માટે વર્ગખંડ અસરકારક દવા સાબિત થતો હોય છે. વર્ગખંડમાં જવાનું ન બને તે દિવસે તબિયત બગડી જતી હોય તેવા નિષ્ઠાવાન શિક્ષકોનો આપણે ત્યાં તોટો નથી. કોઈકે પૂછયું કે શિક્ષકનું કામ કોના જેવું ? જવાબ મળ્યો કે નદી જેવું. નદી સાગરને મળવા જાય છે. સાગર ખારો-ખારો છે. નદીએ નેમ લીધી છે કે સાગરને મીઠો કરીને જ જંપીશ. વિદ્યાર્થીમાં ગમે તેટલા અવગુણો હશે પરંતુ હું તેને સદ્‌ગુણોથી ભરી દઈશ. વિદ્યાર્થી ચોરી કરતો બંધ ન થાય ત્યાં સુધી તેની સંભાળ રાખી, સદ્‌ગુણનો સંચાર કરવાની જવાબદારી આચાર્યની છે.

(શિક્ષકોની 'ગોષ્ઠિ' માં આપેલ વકતવ્યનો અંશ)

મિસરી

''પરિચય ક્યાંકશો છે કોઈનો તારા નગરમાં
પણ નિહાળું પ્રેમપૂર્વક તો મને સહુ પર્સનલ લાગે
હવે તો માનવી એવો નઠારો થઈ ગયો છે કે,
અહીં આ પથ્થરો ક્યારેક તો ઈમોશનલ લાગે.''

- કવિ રમેશ પટેલ 'ક્ષ'

- santoshdevkar03@gmail.com

રોજ અકસ્માતો કે ઘટનાઓ વચ્ચે ચગદાતા રેહવાનું રોજ હયાતી પહેલા છેલ્લા શ્વાસ ભરે ને જોયા કરવાનું

આયુષ્યના મધ્યાંતરે પથ્થરને પાટું મારીને પાણી કાઢવું કપરું બની જાય છે... સમગ્ર પરિવારને લઈને દર - દરની ઠોકર ખાવી એ ઈશ્વરની ક્રૂરતા છે.

ગઈકાલે એક મિત્ર મળ્યો. સૌરાષ્ટ્રનો છે... તેના પિતા અને એ બંને એક હીરાની ઘંટીમાં કામ કરતા હતા... આને આપણે હમણાં છાપામાં વાંચીએ છીએ તેમ છેલ્લા બે મહિનાથી હજારો હીરાઘસુઓની રોજગારી છીનવાઈ ગઈ છે... મંદીનો અજગર બાપ-દીકરા બંનેને ઓશિયાળી અને લાચાર સ્થિતિમાં મૂકીને રોજગારીને ગળી ગયો...

સમગ્ર વિશ્વમાં આર્થિક કટોકટીએ માઝા મૂકી દીધી છે... સામાન્ય હીરાઘસુઓથી માંડીને અમેરિકાના આઈ.ટી. કંપનીના કમ્પ્યૂટર એન્જિનિયર સુધીના દરેક આનો ભોગ બની રહ્યા છે... દેશની આર્થિક કટોકટી ફુગાવાની સ્થિતિ, મોંઘવારીનો દર સતત વધતો રહે છે...

આ બધું અત્યારે ચર્ચવું નથી... પણ આ આર્થિક કટોકટીએ કેવી સામાજિક કટોકટીનું સર્જન કર્યું છે એ જોવું છે...

'બેરોજગારી' એક સર્વોપરી ઉપાધિ છે, ઉપાધિ એ હિંદી-સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ ડિગ્રી એવો થાય છે, પણ આ ઉપાધિ એ ખરેખર વ્યાધિરૂપ ઉપાધિ બની રહે છે. તમારી કોઈ પણ બૂલ વગર દુનિયા તમને એવા વળાંક પર લાવીને મૂકે દે છે જેમાં તમે લાચાર અને ઓશિયાળા થઈ જાવ... પોતાની જાત પ્રત્યે હીનતાનો ભાવ ઉપજે... જીવનભર કયારેક અપમાનબોધ ન અનુભવ્યો હોય તેવો અનુભવ ત્યારે થાય જયારે કોઈ પૂછી લે કે 'કયાં છો હમણાં? શું કરો છો?' ત્યારે હૃદય ફાટ-ફાટ થાય... વિઘ્નસંતોષીઓની ગીધ જેવી નજરો ઊભેઊભા સળગાવી દે છે... થાય કે સીતાની જેમ ધરતી માતાને કહીએ કે હે મા, જમીનમાં માર્ગ કરી દે... નજર નીચી રાખીને પગના અગૂંઠાથી જમીન ખોતરવી. એ સ્થિતિમાં તો જે હોય તે જ અનુભવી શકે... ભગવાન તને ખબર છે કે આ તારો અત્યાચાર છે... ક્રૂરતા છે... એક વાર નીચે આવીને નીચે આવીને મધ્યમવર્ગની એવી વ્યક્તિની જિંદગી અવેજીમાં જીવીને જો કે જેની દીકરી ત્રીજામાં ભણતી હોય, પુત્ર પહેલાંમાં હોય... દર મહિને સ્કૂલની ફી, શાકભાજી, કરિયાણું, લાઈટ બિલ, ટેલિફોન બિલ... કોઈ પણ મોજશોખ વગર જીવન જીવતા હોવા છતાં ઘર ખર્ચના બે છેડા માંડ ભેગા કરતી પત્ની... આવું ચિત્ર હોય અને એક ધક્કો આવે કે નોકરી ચાલી જાય... આવી પરિસ્થિતિની ઉપાધિ (ડિગ્રી) પણ નથી, શું થશે તમારું?

ઉંમરનો પ્રારંભનો તબક્કો હોય અને કોઈ વિશેષ જવાબદારી માથે ન હોય ત્યારે ઉપાધિના કાગળીયા લઈ લઈને ઈન્ટરવ્યુ માટે મુફલિસની જેમ આંટા મારીએ એ અલગ વાત છે, પણ એકધારી અમુક વર્ષો સુધી ૧૦ થી ૬ની નોકરી કરે રાખી હોય. શેઠિયાને ત્યાં હાજરી પુરાવીને તે દરમિયાન પોતાને સોંપાયેલું કામ નિષ્ઠાપૂર્વક કરીને સમયસર ઘરે આવવાનું જ જેને આવડે છે... નવાં સાહસ કરીને માર્ગ કંડારવાની એ ઉંમર નથી હોતી - આયુષ્યના મધ્યાંતરે પથ્થરને પાટું મારીને પાણી કાઢવું કપરું બની જાય છે... સમગ્ર પરિવારને લઈને દર દરની ઠોકર ખાવી એ ઈશ્વરની ક્રૂરતા છે.

ના.... અહીં એવા સટોડિયાની વાત નથી જે લાખોની અને કરોડોની ઉથલપાથલ કરતા. ગઈકાલે હોન્ડા સિવિકમાં કે મર્સિડીઝ બેન્ઝ 'ઈ' કલાકમાં ઘુમતા હતા.... અને આજે શેરબજારમાં બધું જ ગુમાવીને રસ્તા પર આવીને બેઠા છે... એ બધા દયાને પાત્ર છે, કારણ કે એકસામટું ઘણું બધું મેળવવા તેમને જુગાર ખેલ્યો હતો... અને તેમાં જેમ ઘણું બધું મળી જાય છે એમ એક ઝાટકે ઘણું બધું છીનવાઈ પણ જાય છે. એમાં ઈશ્વરને દોષ ન અપાય... એ બધા દયા ખાવાલાયક છે.

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

પણ અહીં તો એવી વ્યક્તિની વાત છે જે સીધી લીટીનો છે... બિચારો - બાપડો વ્યક્તિ ૧૦ થી ૬ શાંતિથી નોકરી કરીને કોઈ જ મોટી અપેક્ષા કે ભૌતિકતાનાં ખોટાં સપનાં જોયા વગર પોતાની અને પોતાના પરિવારની જિંદગી વ્યતીત કરનારા પગ નીચે જમીન સરકી જાય... કોઈ નોટિસ કે કારણ વગર નોકરી છૂટી જાય... ત્યારે લાચાર વ્યક્તિ શું કરે ? અને બિચારો બેરોજગાર, બેકાર, મધ્યમવર્ગીય વ્યક્તિ બદનામ હોય છે... સમાજ પ્રમાણિકતા, ઈમાનદારી - સચ્ચાઈની મૂડીમાં કયાં જુએ છે. એ તો બેંક બેલેન્સ અને રિયલ એસ્ટેટના રોકાણ પરથી જ વ્યક્તિત્વનું આકલન કરે છે. એની નજરો સતત તેમને અહેસાસ કરાવે છે કે **'you are looser'** બેરોજગારીનું આભૂષણ જિસસના ગળાનો ક્રોસ બનીને લટકતો રહે છે. જે પહેલાં બેસીને મળતા હતા એ હવે હસતા હોય છે.

વિપિન પરીખની ભગવાનને પ્રશ્ન કરતી કવિતા વધારે સચોટ રીતે ચિત્રણ કરશે...

હરિ,
તને લાચારીનો રોટલો પીરસમાં આવે
તો તું શું કરે ?
જમે - પાછો ઠેલે ?
તને આમંત્રણ આપવામાં આવે
ને પછી
મોં સામે ફટાક કરી
બંધ કરવામાં આવે જો દ્વાર
તો, તારાં નયન શું કરે ?
ભભૂકી ઊઠે ? રડી પડે ?
માર્ગમાં નિર્દોષ ભાવે કોઈ પ્રશ્ન પૂછી બેસે
'કયાં છો હમણાં ?'
તો તું શું કહે ? જમીન શોધે ?
દસ થી છ કામ પર ગયાનો ડોળ કરી
સાંજે ઘરે પાછો ફરે
અને રીટા ત્યારે પૂછે :
'પપ્પા શું લાવ્યા ?'
ત્યારે, તું મુઠ્ઠી ખોલે કે બંધ કરે?
રાત્રે, પથારીમાં કણસતાં - કણસતાં
પડખું બદલતાં
કોઈ ઘેનભર્યાં સ્વરે પૂછે :
તમને ઊંઘ નથી આવતી ?
તો, તું સૂવાનો ઢોંગ કરે ?
હરિ, તું શું કરે ?

- jayuoza@gmail.com,
Mo. 9898046488

'દીધું હોય તો દેતો જાજે, આપ્યું હોય તો આપતો જાજે...'

'આ દીકરીઓ ગરીબ છે, આપણે થોડા ગરીબ છીએ...' આ વાક્યો મેં મારી જાતને કહ્યા અને સમૂહ લગ્નનું કામ ઉપાડ્યું...'

આ શબ્દ તાજેતરમાં ઉચ્ચાર્યા હતા જાણીતા ભાગવત કથાકાર શરદભાઈ વ્યાસે.

અવસર હતો વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના નાના પોંઢા ગામની નજીક યોજાયેલા સમૂહ લગ્નોત્સવનો. પૂજ્ય શરદભાઈ વ્યાસની પ્રેરણાથી આ સમારોહ સાંઈ ગાર્ડનમાં સમભાવ સત્સંગ પરિવાર દ્વારા આયોજિત કરાયો હતો. ૫૧ નવયુગલો આ લગ્નમાં જોડાયા હતા. પરંપરાગત - શાસ્ત્રોક્ત વિધિથી આખીયે લગ્નવિધિ સંપન્ન થઈ હતી. આસપાસના ગ્રામજનો, દેશ-વિદેશથી પધારેલા મહાનુભાવો અને સાધુ-સંતોએ નવદંપત્તિઓને આશીર્વાદ પાઠવ્યા હતા. ઉત્તમ વ્યવસ્થા વચ્ચે સાજન-માનજ અને જાનૈયા કે માંડવા પક્ષના લોકોમાં લગ્નનો ઉત્સાહ અને ઉલ્લાસ ઊડીને આંખે વળગતા હતા. વરરાજાના દોસ્તારો અને વહુની સખીઓ વચ્ચે થતી મજાક મસ્તી અને મંદ મંદ હાસ્યના વાતાવરણમાં એમ કહો કે જાણે મેળો જ ભરાયો હતો.

મૂળ આ વિસ્તાર આદિવાસી લોકોનો. એટલે આર્થિક સમૃદ્ધિ બીજા જિલ્લા કરતા ઓછી. એમાં પણ ગરીબ અને નિરાધાર પરિવારો કે જેમના મા-બાપ ગુજરી ગયા હોય તેમના પરિવારની દીકરીઓ માટે લગ્નનો ખર્ચો એ તો સપનામાં પણ ન વિચારી શકે એવી ઘટના હોય છે. આવા પરિવારની દીકરીઓની ઉંમર પછી વધતી જાય અને લગ્ન કરવા એ એક પ્રશ્ન બની જતો હોય છે.

ભાગવત કથાના માધ્યમથી સમગ્ર વિશ્વમાં વિચરણ કરતા રહેતા શરદભાઈ વ્યાસનું મૂળ વતત તો મહુવા (સૌરાષ્ટ્ર) છે, પરંતુ વર્ષોથી તેઓ ધરમપુરમાં સ્થાયી થયા છે. અહીં તેઓએ આશ્રમ પણ સ્થાપ્યો છે. એમના શ્રોતાઓ, ભક્તો અને ભારતીય સંસ્કૃતિના પ્રેમી દાતાઓના સહકારથી તેઓએ આ વિસ્તારમાં સામાજિક - સાંસ્કૃતિક - શૈક્ષણિક વિકાસના અનેક કાર્યો કર્યા છે. આ કાર્યો કરીને તેઓ આનંદ પામે છે : 'દીધું હોય તો દેતો જાજે, આપ્યું હોય તો આપતો જાજે...' ના સૂત્રને તેઓ આત્મસાત કરવામાં માને છે. તેથી જ જયારે તેઓએ આ વિસ્તારની લગ્ન ઈચ્છુક અને ઉંમર લાયક દીકરીઓના લગ્નની વાત જાણી ત્યારે તેઓએ સમૂહ લગ્નોત્સવનો વિચાર અમલમાં મૂક્યો. દાતાઓનો સહકાર મળ્યો - સ્થાનિક નગરજનો સેવામાં જોડાયા અને જે - જે પરિવારોમાં સંતાનો ઉંમરલાયક હતા અને પરણવાના હતા તેને સાથે લઈને ૫૧ સમૂહ લગ્નનું આયોજન કર્યું. તાજેતરમાં સતત ચોથા વર્ષે તેઓએ આ આયોજન કર્યું ત્યારે એટલો મોટો પ્રતિસાદ મળ્યો કે દાતાઓએ એમ કહ્યું કે હવે પછી ૧૦૧ દીકરીઓના સમૂહ લગ્ન કરવા હોય તો તેમાં પણ અમે સહકાર આપીશું.

અજવાળું - અજવાળું
તુષાર જોશી

સમૂહલગ્નમાં જેને આણાની ચીજવસ્તુઓ કહેવાય એવી મહત્ત્વની વસ્તુઓ પણ પસંદ થઈ ત્યારે શ્રેષ્ઠ વસ્તુઓની જ પસંદગી કરવાનો આગ્રહ રખાયો. આમ આ દીકરીઓને એવું જ લાગે કે જાણે તેમના પરિવારના સભ્યો જ લગ્ન કરાવી રહ્યા છે તેવી લાગણી પણ આપી, સામાજિક જવાબદારી પણ નિભાવી.

ગુજરાતી - હિન્દી ફિલ્મોના જાણીતા અભિનેતા અરવિંદ રાઠોડે આશીર્વચન આપતા કહ્યું કે શરદભાઈ આવી સુંદર કાર્યો કરે તે માટેની પ્રેરણા કૃષ્ણ જ એમને આપી રહ્યા છે. દીકરીઓના ચહેરા પર આનંદ અને ઉલ્લાસ જોયા ત્યારે એક ઉત્તમ સામાજિક કાર્યોમાં સહભાગી બન્યાનો આનંદ અનભવ્યો.

પૈસો કમાવો અને તેને સાચી દિશામાં પ્રવાહિત કરીને તેને મહાલક્ષ્મી સ્વરુપ આપવું આ બંનેમાં ફેર છે. સમાજમાં આર્થિક રીતે જરૂરિયાતમંદ માનવીને દીકરીના લગ્નનો ખર્ચ એટલો ભારે પડતો હોય છે કે એની જિંદગીની સઘળી કમાણી એમાં નાખે તોય ઓછી પડે.

આવા સમયે સમાજની ચિંતા કરનારા લોકો - ધર્મ જગતના અને અન્ય જગતના મહાનુભાવો આવા સમૂહ લગ્નમાં જોડાય છે ત્યારે અનાયાસે આવી દીકરીઓના કે દીકરાઓના પરિવારની ચિંતા હળવી થાય છે. એમને લગ્નજીવનનો આનંદ બેવડાય છે.

સમૂહ લગ્ન આવા પરિવારો માટે જ નહિં આર્થિક રીતે પહોંચી વળે એવા પરિવારો માટે પણ ઉત્તમ માધ્યમ છે અને આવા સેવાના કાર્યો થતા જોવા મળે ત્યારે સેવાના દીવડા ઝગમગે છે ને અજવાળું રેલાય છે.